મે. વડોદરાના છઠ્ઠા ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, વડોદરા

**જુનો ફો.કેસ ન.**

**નવો ફો.કેશ નં**

# આક 1 નીચે હુકમ

આ કેસનું રેકર્ડ ધ્યાને લેતાં હાલના ફરીયાદીએ ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ : 138 મુજબની ફરીયાદ આ કામના આરોપીઓ વિરુધ્ધ દાખલ કરેલ. જે કામે મારા પુરોગામી પ્રી.ઓ.શ્રી ધ્વારા ફરીયાદીનુ વેરીફીકેશન લઇ તારીખ ના રોજ હાલની ફરીયાદ ક્રીમીનલ રજીસ્ટરે નોધવાનો હુકમ કરેલ. પરંતુ ત્યારબાદ ઘણા સમય સુધી ફરીયાદીએ નામદાર કોર્ટમા હાજર થઇને આગળની કાર્યવાહી કરવા માટે કોઇ જ પ્રયત્ન કરેલ નથી.જેથી ફરીયાદીને મુદત તારીખ. ના રોજની નોટીસ કરવામા આવતા જે નોટીસ ફરીયાદી મળી આવતા નથી તેવા શેરા સાથે વગર બજે પરત છે.જે આ કામે આક- થી રજુ રાખેલ છે.અનો ફરીયાદી જાતે કે તેમના વિ.વ.શ્રી મારફતે કોર્ટમાં હાજર નથી કે, મુદતનો રીપોર્ટ રજુ કરેલ નથી. જેથી આ કામ આજ રોજની સ્પે.સીટીગમાં લેવામા આવેલ છે.આજ રોજ ફરીયાદી તથા તેઓના વિ.વ.શ્રીનો દિવસ દરમ્યાન ત્રણ વાર પોકાર કરાવવા છતાં પણ ફરીયાદી પોતે કે તેઓના વિ.વ.શ્રી ધ્વારા દરમ્યાન ત્રણ વાર પોકાર કરાવવા છતા પણ ફરીયાદી પોતે જાતે કે તેઓના વિ.વ.શ્રી ધ્વારા કોર્ટમાં હાજર રહેલ નથી. જે ધ્યાને લેતાં ફરયિાદીને હાલની કેસની કાર્યવાહી કરવામા કોઇ રસ નહી હોવાનુ જણાવી આવે છે, આમ ફરીયાદી ના.કોર્ટ રુબરુ સતત ગેરહાજર રહીને આગળની કાર્યવાહીમા કોઇ સહકાર નહી આપતા હોવાથી તથા સદર કેસ જુનો હોય અને આગળની કાર્યવાહી કરવામાં ફરીયાદીને કોઇ રસ નહી હોવાનુ જણાય આવતુ હોય સદર ફરીયાદ ક્રિ.પ્રો.કોડની કલમ : 256 ની જોગવઇ મુજબ ડીસમીસ કરવી આ કોર્ટને ન્યાયોચીત જણાય છે. **નમદાર સર્વોચ્ચ અદાલતનો 2008(2) જી.એલ.એચ. પન નં 434 ઉપરનો એસ.રામક્રિષ્ના વિ.એસ.રામી રેડડીનો ચુકાદો તથા નામદાર વડી અદાલતનો 1995(1) જી.એલ.આર પાનનં 400 ઉપરનો એ.એચ.પઠાણ વિ અમીન ટેક્ષટાઇલ્સ**નો ચુકાદો વંચાણે લતાં જ્યારે ફરીયાદી પોતાની ફરીયાદ બાબતે આગળની કાર્યવાહી કરતા ન હોય તો ફરીયાદીની ગેરહાજરી અને નોન પ્રોસીક્યુશનના અભાવે ફરીયાદ ડીસમીસ કરવી જોઇએ.જે ચુકાદાઓમાં પ્રસ્થાપિત સીધ્ધાતોને માન સહ વંચાણે લેતાં હાલની ફરીયાદ લગત નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

હુકમ

હાલની ફરીયાદ ફરીયાદીની ગરહાજરી અને નોન પ્રોસીક્યુશનના કારણે ક્રિ.પ્રો.કોડની કલમ : 256 અનવયે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૩/૦૭/૨૦૧૯ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી,સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**વડોદરાઃ**

**(મુકેશકુમાર જયંતિભાઇ બ્રહ્મભટ્ટ)**
**છઠ્ઠા એડી.ચીફ.જ્યુ.મેજી.,વડોદરા.**
**Code : NO. GJ – ૦૦૭૫૪**